વંચાણે લીધું:- કલેકટર કચેરી,નવસારીના

હુકમ નં. એસીબી/સંકલન/કૃષિ યુનિ./પદવીદાન/વશી-૨૯૨ થી ૩૧૨/૧૫,તા.૦૫-૦૧-૨૦૧૫

## : હુકમ :

ઉપરોકત આમુખ પત્રમાં જણાવ્યા મુજબ તા. ૧૫/૧/૨૦૧૫ ના રોજ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે પદવીદાન કાર્યક્રમ પ્રસંગે માનનીય ગવર્નરશ્રી ઉપસ્થિત રહેનાર હોય, આ ખાસ કાર્યક્રમમાં માનનીય મંત્રીશ્રીઓ, માન.સંસદસભ્યશ્રી, માન. ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીશ્રીઓ / અધિકારીશ્રીઓ, યુનિ.ના વિધાર્થીઓ તથા મહાનુભાવો મોટી સંખ્યામાં એકત્ર થનાર છે. જે ધ્યાને લઈને વિવધ વિભાગો ધ્વારા વિવિધ સ્થળે આ સમારંભના કાર્યક્રમની તૈયારી/ વ્યવસ્થા/ સંકલન માટે નીચે દર્શાવેલ કામગીરી કરવાની રહે છે. આ કામગીરી માટે અધિકારીશ્રીઓ ધ્વારા કાર્યક્રમ માટે તેઓને સોંપવામાં આવેલ કામગીરી સંબધિત અધિકારી/ કર્મચારીની મદદ લઈ આયોજન, સંચાલન કરવા અને જયાં સુપરવીઝન કરવા પાત્ર જણાય ત્યાં સુપરવિઝન કરી જવાબદારીપૂર્વક અમલ કરાવવા જણાવવામાં આવે છે.

| અ.નં | અધિકારીશ્રીનો હોદ્દો | કામગીરીની વિગત |
|---|---|---|
| ૧ | નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ પ્રવૃતિ ,નવસારી કૃષિ યુનિવર્સિટી .નવસારી. | માનનીય ગવર્નરશ્રી માટે તા.૧૫/૧/૨૦૧૫ ના રોજ ઓડિટોરિયમ ખાતે ટેલીફોનની વ્યવસ્થા. |
| ૨ | કાર્યપાલક ઈજનેર શ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી .નવસારી. | તા. ૧૫/૧/૨૦૧૪ના રોજ ઓડિટોરિયમ ખાતે જનરેટરની તેમજ કાર્યક્રમ દરમ્યાન ઈલેકટ્રીક સપ્લાય ચાલુ રહે તેવી વ્યવસ્થા. |
| ૩ | ડીનશ્રી, અસ્પી બીઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી. નવસારી. | ડીવી કાર માટે તેઓના હસ્તકની એ.સી. ગાડીની તા.૧૩/૧/૨૦૧૫ થી વ્યવસ્થા. |
| ૪ | કન્વીનરશ્રી, ડેકોરેશન કમીટી, તેમજ ડીનશ્રી, ફેકલ્ટી ઓફ એગ્રીકલ્ચર, નવસારી કૃષિ યુનિવર્સિટી.નવસારી. | હેલીપેડ, ઉદઘાટન અને પ્રોસેશન પથ પર જે રીતે બુકેથી સ્વાગત કરવામાં આવે છે તે જગ્યાઓએ બુકે ઉપરાંત કઠોળ કે ફ્રુટ્સની ૫૦૦ ગ્રામ થી ૧ કિલોગ્રામ સુધીની સ્વાગત ટોપલીની વ્યવસ્થા કરવી. |

ઉપરોકત અધિકારીશ્રીઓએ તેઓને સુપ્રત કરવામાં આવેલ કામગીરી ગંભીરતા અને જવાબદારી પૂર્વક અદા કરવાની રહેશે. તેમજ તેઓએ કરેલ આયોજનની વિગત વખતોવખત આ કચેરીને પહોચાડવાની રહેશે. આ હેતુ માટેની તમામ મિટિંગોમાં કરેલ કામગીરીની વિગતો સાથે અચૂક ઉપસ્થિત રહેવાનું રહેશે.

કુલસચિવ

નં.નકૃયુ/રજી/પરીક્ષા/ ટે.૫/કોન્વો/ ૯૬-૯૯ /૨૦૧૫

તા.૭/૧/૨૦૧૫

પ્રતિ,

સંબંધિત અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ તરફ જાણ તથા અમલ કરવા સારૂ.